**પ્રશ્ન: ફિમેલ હેલ્થ વર્કરની તાલુકા વાઈઝ ગાંધીનગર જીલ્લામાં કેટલી ખાલી અને ભરેલ જગ્યાઓ છે. ?**

**જવાબ :**

તા.૩૧.૦૩.૨૦૨૩ની સ્થિતીએ ફિમેલ હેલ્થ વર્કર સંવર્ગની મંજુર ભરેલ ખાલી જગ્યાની વિગતો આ મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | મંજુર | ભરેલ | ખાલી |
|---|---|---|---|---|
| ૧ | ગાંધીનગર | ૫૦ | ૫૦ | ૦ |
| ૨ | કલોલ | ૩૭ | ૩૭ | ૦ |
| ૩ | દહેગામ | ૪૦ | ૪૦ | ૦ |
| ૪ | માણસા | ૪૫ | ૪૫ | ૦ |
| | કુલ | ૧૭૨ | ૧૭૨ | ૦ |

ગાંધીનગર જીલ્લામાં તા.૩૧/૦૩/૨૦૨૩ ની સ્થિતીએ ફીમેલ હેલ્થ વર્કર નું કુલ મંજુર મહેકમ ૧૭૨ નું છે. તે પૈકી ભરાયેલ જગ્યાઓ ૧૯ હતી તથા ખાલી જગ્યા ૩ (ત્રણ ) હતી.

આજ રોજ તા.૦૬/૦૯/૨૦૨૩ની સ્થિતીએ ગાંધીનગર જીલ્લામાં ફીમેલ હેલ્થ વર્કરની ૧ (એક) જગ્યા જીલ્લા ફેર બદલીથી એક જગ્યા પંચાયત સેવા પંસદગી બોર્ડ દ્ધારા સીધી ભરતીથી તથા એક કર્મચારી ને પાટણ જીલ્લામાંથી રિસફલીંગ માં નિમણુંક કરતા ખાલી ૩ (ત્રણ) જગ્યા ભરાયેલ છે જે મુજબ ફીમેલ હેલ્થ વર્કરનું કુલ મંજુર મહેકમ ૧૭૨ નું છે. તે પૈકી ભરાયેલ જગ્યાઓ ૧૭૨ છે તથા ખાલી જગ્યા ૦ (શૂન્ય છે.)

જીલ્લામાં મંજુર મહેકમ સામે તમામ જગ્યાઓ ભરાયેલ છે.

# ગાંધીનગર  જીલ્લાની તા–૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ  ફિમેલ હેલ્થ વર્કરની ખાલી જગ્યાઓની વિગત

| ક્રમ | તાલુકો | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | સેજાનું નામ | ક્યારથી ખાલી છે? તારીખ |
|---|---|---|---|---|
| ૧ | દહેગામ | કડાદરા | કરોલી | ૩૧/૦૧/૨૦૨૩ |
| ૨ | દહેગામ | કડજોદરા | જીડવા | ૨૯/૧૦/૨૦૨૨ |
| ૩ | ગાંધીનગર | ડભોડા | મગોડી | ૧૮/૦૨/૨૦૨૩ |

**પ્રશ્ન: ગાંધીનગર જીલ્લાની ફિમેલ હેલ્થ વર્કરની ખાલી જગ્યાઓ ક્યાં સુધી ભરવામાં આવશે ?**

---

**જવાબ:**

ગાંધીનગર જીલ્લામાં તા.૩૧/૦૩/૨૦૨૩ ની સ્થિતીએ ફીમેલ હેલ્થ વર્કર નું કુલ મંજુર મહેકમ ૧૭૨ નું છે. તે પૈકી ભરાયેલ જગ્યાઓ ૧૯ હતી તથા ખાલી જગ્યા ૩ (ત્રણ ) હતી.

આજ રોજ તા.૦૬/૦૯/૨૦૨૩ની સ્થિતીએ ગાંધીનગર જીલ્લામાં ફીમેલ હેલ્થ વર્કરની ૧ (એક) જગ્યા જીલ્લા ફેર બદલીથી એક જગ્યા પંચાયત સેવા પંસદગી બોર્ડ દ્વારા સીધી ભરતીથી તથા એક કર્મચારી ને પાટણ જીલ્લામાંથી રિસફલીંગ માં નિમણુંક કરતા ખાલી ૩ (ત્રણ) જગ્યા ભરાયેલ છે જે મુજબ ફીમેલ હેલ્થ વર્કરનું કુલ મંજુર મહેકમ ૧૭૨ નું છે. તે પૈકી ભરાયેલ જગ્યાઓ ૧૭૨ છે તથા ખાલી જગ્યા ૦ (શૂન્ય છે.)

જીલ્લામાં મંજુર મહેકમ સામે તમામ જગ્યાઓ ભરાયેલ છે.

**પ્રશ્ન : ફિમેલ હેલ્થ વર્કરની ભરતી તથા નિમણુંક કઇ રીતે કરવામાં આવે છે ?**

---

**જવાબ:-**

ફિમેલ હેલ્થ વર્કરની ભરતી પ્રકિયા ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષા મારફતે મેરીટના ધોરણે ભરતી થાય છે. તેની શૈક્ષણિક લાયકાતમાં ધો-૧ર પાસ, તથા સરકાર માન્ય સ્ત્રી આરોગ્ય કાર્યકર બેજીક ટ્રેનીંગ કોર્સ તથા સહાયક નર્સ દાયણ કોર્સ પાસ કરેલ, કોમ્પ્યુટર એપ્લિકેશનનું મૂળભૂત જ્ઞાન હોવું જોઈએ, ગુજરાતી અથવા હિન્દી અથવા બંનેનું પર્યાપ્ત જ્ઞાન હોવું જોઈએ. આ ભરતી પ્રક્રિયામાં જિલ્લા પાસેથી ખાલી રહેલ જગ્યાઓની માહિતી મેળવી માંગણા પત્રક તૈયાર કરી સરકાર કક્ષાએ મોકલીને પંચાયત વિભાગ દ્વારા સ્થાયી સમિતિ પાસેથી મંજુરી મેળવીને ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડને મોકલી આપવામાં આવે છે. ત્યારબાદ બોર્ડ દ્વારા જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવે છે. તદઅનુસાર ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ દ્વારા પરીક્ષાના પરીણામના આધારે ઉમેદવારોની મેરીટ ક્રમ પ્રમાણે પસંદગીના આધારે જિલ્લાઓની ફાળવણી કરવામાં આવે છે.

ફિમેલ હેલ્થ વર્કર સંવર્ગ, વર્ગ -૩ ની ભરતી ૧૦૦% સીધી ભરતીથી ભરવામાં આવે છે.

**પ્રશ્ન : ફિમેલ હેલ્થ વર્કરની કામગીરી શું છે ?**

**જવાબ :**

પ્રાથયિક આરોગ્ય કેન્દ્ર ખાતે તથા સબ સેન્ટર ખાતે ફિમેલ હેલ્થ વર્કરની કામગીરીની ટુંકી વિગતમાં સર્વે માહિતીનું સંકલન, રેકોર્ડ અને રીપોર્ટીંગની કામગીરી અને આ ગામનો સર્વે કરી તમામ માહિતી નિયત નમૂનામાં એકત્ર કરવી. લાયક દંપતિ અને લક્ષિત દંપતિ રજીસ્ટર નિભાવવું. જન્મ, મરણ અને લગ્નની માહિતી એકત્રિત કરવી. આ તમામ માહિતી નિયત નમૂનામાં સમયસર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે આપવાની રહે છે. તથા ઓપરેશન માટે તૈયાર દંપતિનું કેમ્પમાં આપેરેશન કરાવવું તથા સગર્ભા સ્ત્રીઓનું રજીસ્ટ્રેશન કરવું અને સંપૂર્ણ કાળજી લેવી તથા સગર્ભા સ્ત્રીઓને ધનુરની રસી અને આયનની ગોળીઓ આપવી તથા સગર્ભા સ્ત્રીઓની ઓછામાં ઓછી ત્રણ તબીબી તપાસ કરાવવી અને સગર્ભા સ્ત્રીઓના લોહી અને પેશાબની લેબારેટરી તપાસ કરાવવી. સગર્ભા સ્ત્રીઓને સંસ્થાકીય સુવાવડ કરાવવી તથા પ્રસૂતા સ્ત્રીઓને અઠવાડીયામાં ત્રણ મુલાકાત કરી સેવાઓ આપવાનું આયોજન કરવું તથા કિશોરીઓને ધનુરની રસી અને આર્યનની ગોળીઓ આપવી તથા ગંભીર કુપોષણના, હાઈ રિસ્ક અને વધુ માંદગીવાળી સગર્ભા સ્ત્રીઓ, પ્રસૂતા અને બાળકોને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અથવા સામુહિક આરોગ્ય કેન્દ્ર પર રીફર કરવું તથા પેટા કેન્દ્રની સ્વચ્છતા જાળવવી અને બાયોમેડીકલ વેસ્ટનો યોગ્ય રીતે નિકાલ કરવો તથા જરૂરિયાત મુજબ દવા વિતરણ કેન્દ્રો બનાવવા તથા આશા વર્કરોને તાલીમ આપવી અને આશા વર્કરોને જરૂરી દવાઓ અને સાહિત્ય આપવું.

**પ્રશ્ન : ફિમેલ હેલ્થ વર્કરની જગ્યા ભરાયેલ હોય તો લોકોને શું લાભ થાય છે ?**

---

જવાબ : ફીમેલ હેલ્થ વર્કરની વર્ગ–૩ની જગ્યા ભરાયેલ હોય તો અતિ પછાત તથા અંતરીયાળ ગામડાઓમાં આરોગ્યની પ્રાથમિક સુવિધાઓ સમયસર મળી રહે તથા સગર્ભા માતાઓનુ સમયસર ચેકઅપ તથા એચ.બી. તથા બી.પી. આયન ફોલીક એસીડ ગોળી જેવી સુવુધાઓ નિશુલ્ક મળી રહે તથા નવજાત બાળ મરણ તથા શીશુ મરણ ન થાય તે માટે આજુબાજુના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સારવાર અર્થે રીફર થવા અંગેનુ માર્ગદર્શન મળી રહે તથા સગર્ભા માતાઓને અતિજોખમી હોય તેઓને વહેલી તકે ઓળખ કરી  સારવાર અર્થે દવાખાને રીફર થવા અંગે માર્ગદર્શન મળી રહે સગર્ભા માતાઓને સગર્ભા અવસ્થા દરમિયાન ધનુરથી બચવા માટે ધનુરની રસી પણ મળી રહે તથા દર મહિને મમતા દિવસે સગર્ભા માતાઓને વજન, ઉંચાઈ તથા લોહતત્વ યુક્ત આયન ફોલીક એસીડ ગોળી  મળી રહે તથા પ્રસુતિ સમયે જે આજુબાજુના દવાખાનાઓની પ્રસુતિ કરવા માટે દવાખાનુ સ્થળ કે જગ્યા અંગે માર્ગદર્શન મળી રહે.

**પ્રશ્ન : ફિમેલ હેલ્થ વર્કર સેજા પર હાજર રહે તે માટે સરકારશ્રી દ્વારા શું પગલા લેવામાં આવ્યા છે ?**

---

**જવાબ :** ફિમેલ હેલ્થ વર્કર સેજા પર હાજરી તથા કામગીરી બાબતે કોઈ ફરીયાદ મળેલ નથી